અહીં આપેલ સમાચારો આપના લોકપ્રિય સામયિકમાં પ્રસિદ્ધ કરવા માટે છે...

विश्व संवाद केन्द्र

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે



૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com Website : www.vskgujarat.com



વર્ષ : ૩ અંક : ૬૭ દિનાંક : ૧.૧.૨૦૧૮ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી


## જયપૂરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ઘોષ(બેન્ડ)ના ઐતિહાસિક વાદ્ય-યંત્રોનું ભવ્ય પ્રદર્શન

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના બેન્ડને ઘોષ કહેવામાં આવે છે. આ ઘોષના યંત્રો-વાદ્યો પણ વિશિષ્ટ હોય છે. સંઘની નિત્યશાખામાંથી સ્વયંસેવકો ઘોષના યંત્રોની તાલીમ લે છે. જયપુરની કેશવ વિદ્યાપીઠ જામડોલીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ઘોષ(બેન્ડ)-શિબિરમાં ઐતિહાસિક તથા પરંપરાગત લોકવાદ્ય-યંત્રોનું ભવ્ય પ્રદર્શન યોજાયું. આ પ્રદર્શનીના ઉદ્‌ઘાટન પ્રસંગે અખીલ ભારતીય સહશારીરિક પ્રમુખ શ્રી જગદીશપ્રસાદ, રાજસ્થાન વિશ્વવિદ્યાલયના લલિતકલા વિભાગના પ્રોફેસર મધુ ભટ્ટ તૈલંગ, તથા વિશિષ્ટ અતિથિપદે લોકકલા વિદ્વાન વિનોદ જોષી ઉપસ્થિત હતા. પ્રદર્શની સ્થળને 'ઘોષ-ગાંવ' નામ અપાયું હતું.

આ 'ઘોષ-ગાંવ' પ્રદર્શનીમાં કામાયચા, સિંધી-સારંગી, નર-સિંગા, સુરિંદા, ડેરૂ, રબાબ, ચિકારા, સારંગી, ખરતાલ, મંજીરા, ઢોલક, ચંગ, મોરપંખ, શહનાઈ, એકતારો, નગારૂં, ખંજરી, શંખ જેવા અનેક વાદ્યો-યંત્રો જનતા માટે અવલોકનમાં મૂક્યા હતા. રાજસ્થાનમાં લુપ્ત થતા રબાબ યંત્રએ આકર્ષણ જમાવ્યું હતું. આ પ્રસંગે શ્રી જગદીશ પ્રસાદે જણાવ્યું કે ઘોષ શિબિર સંઘની વિશેષ વિદ્યાનું એક શિબિર છે. સંઘની શાખામાં અનુશાસન નિર્માણ માટે બધાનું મન એક થાય - મળે તે માટે સ્વરથી સ્વર મેળવી ગાનનો અભ્યાસ પ્રતિદિન કરવામાં આવે છે. દૈનિક શાખામાં સમરસતા માટે કદમથી કદમ મેળવવા ઘોષ (બેન્ડ)ની ભૂમિકા મહત્વની હોય છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ઘોષ (બેન્ડ)ની ધૂન-તરજો હવે પ્રચલિત થઈ છે. ભારતીય સેના પણ આ ધૂનો વગાડે છે. દિલ્હીમાં યોજાયેલ ૧૯૮૨ની એશિયાડના ઉદ્‌ઘાટન સમારોહમાં નૌસેનાના બેન્ડે જે ધૂન વગાડી હતી તેની રચના સંઘના સ્વયંસેવકોએ કરી હતી. શિવરાજ નામક આ ધૂનમાં વાસ્તવમાં શિવાજી મહારાજની સ્તુતિ છે. ભારતીય નૌસેનાએ ૪૦થી વધુ ધૂનો સંઘના ઘોષમાંથી સ્વીકારી છે.

## ભારત-શ્રીલંકા વચ્ચે બનેલો રામસેતુ માનવ નિર્મિત હોવાનો વૈજ્ઞાનિકોનો દાવો

ભૂ-વૈજ્ઞાનિકોએ નાશા દ્વારા મેળવેલી તસવીરોમાં રામસેતુના નક્કર સ્વરૂપનો ખ્યાલ આવે છે. તેની રચના પરથી વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે તે માનવ સર્જિત ૩૦ માઈલની શૃંખલા છે. હિન્દુઓના પૌરાણિક ગ્રંથોનો આધાર લઈ વૈજ્ઞાનિકોએ આ પૂલના નિર્માણના તથ્યોને પુરાવા સાથે સિદ્ધ કર્યા છે. તેમનું માનવું છે કે જે પથ્થરોથી આ પૂલનું નિર્માણ થયું છે તે બહારથી લાવેલ છે જે સાત હજાર વર્ષ જૂના હોવાનું અનુમાન છે. આ મજબૂત પથ્થરોને સમુદ્રની રેતી ઉપર રામાયણકાળના ફક્ત ચારથી પાંચ હજાર વર્ષના ઉલ્લેખ પ્રમાણે પૂલ માટે ઉપયોગમાં લેવાનું જણાયું છે. અમેરિકી વૈજ્ઞાનિકોએ એક પ્રોમોમાં જણાવ્યું કે રામેશ્વર નજીક પામબન દ્વીપથી શ્રીલંકાના મન્નાર દ્વીપ સુધી લાંબી પથ્થરોની શૃંખલા રામસેતુ જ છે જે માનવ સર્જિત છે. અમેરિકાની સાયન્સ ચેનલના ૧૭ કલાકના પ્રસારણને અગિયાર લાખથી પણ વધુ દર્શકોએ આ તથ્યને નિહાળ્યું છે. ભારતના સૂચના પ્રસારણમંત્રી સ્મૃતિ ઈરાનીએ પણ આ પ્રસારણ અંગે જયશ્રીરામના નારા સાથે રી-ટ્વીટ કર્યું છે. વૈજ્ઞાનિકોએ રામસેતુના નિર્માણ અંગે રજૂ કરેલા તથ્યોથી રામસેતુ અંગે વિશ્વની માન્યતા મળી છે. રામસેતુના સંરક્ષણ માટેના અભિયાનને આ વૈજ્ઞાનિકના દાવાથી બળ મળશે.

## દંપતીએ દિકરો આપી દિકરીને દત્તક લીધી

સમાજ સુધારાઓ હવે સૌનું ધ્યાનાકાર્ષણ કરે તેવા થવા માંડ્યા છે. લોકોની માનસિકતા પણ હકારાત્મક તથા સમાજસેવા તરફની થવા માંડી છે. ફતેહબાદ જિલ્લાના કિરઢાન ગામની ઘટના છે. આ ગામના નિવાસી ભૂપસિંહની પત્નિ રેણુને પ્રસવ માટે કિશનગઢ (હિસાર)થી ભટ્ટુકલાંના સામૂહિક આરોગ્યકેન્દ્રમાં લાવવામાં આવ્યા. રેણુંએ બાળકીને જન્મ આપ્યો. આ અગાઉ તેમણે ત્રણ બાળકીઓને જન્મ આપ્યો હતો. પરિવારની તીવ્ર ઇચ્છા હતી કે આ પ્રસવમાં રેણુ પુત્રને જન્મ આપે. પણ કુદરતમાં એમ થયું નહિ. આ પ્રસવ પછી બે દિવસ પછી રેણુને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી. હવે બે દિવસ પછી આજ હૉસ્પિટલમાં તે ગામના નિવાસી અનૂપસિંહની પત્નિ સીતાએ એક સુંદર બાળક - પુત્રને જન્મ આપ્યો. આ પરિવારને તથા ઘરના વડીલ લાલચંદની ઇચ્છા હતી કે તેમના ઘરે લક્ષ્મી-પુત્રીનો જન્મ થાય. પણ તેવું બન્યું નહિ. ઉપરોક્ત બંને પરિવાર કદી એકબીજાને મળ્યા નહોતાં તથા પરિચય પણ નહોતો. છતાં તેમણે એકબીજાની ઇચ્છા દર્શાવી. બંને સહમત થયા સીતાએ પોતાનો દિકરો અણુને સૌંપ્યો અને રેણુની દિકરી દત્તક લીધી. બંને પરિવાર આજે આ ઘટનાથી ખૂશ છે અને આ પ્રકારની લાગણીના કાયમી સંબંધથી પ્રેમથી પ્રસંગોપાત એકબીજાને મળે છે.

## અનોખો લગ્ન સમારંભ : વર-વધુ તથા બંને પક્ષના લોકોએ અંગદાન તથા શરીર દાનનો સંકલ્પ કર્યો

સમાજમાં લગ્ન સમારંભ તો યોજાય છે, પણ એક અનોખો - વિશિષ્ટ લગ્ન સમારંભ યોજાયો છે. રોહતના નિરધાન ગામના આનંદકુમારની પુત્રી શિવાનીના લગ્ન દિલ્હીના અશ્વિની સાથે યોજાયા હતાં. પ્રસંગ પ્રેરણા દાયક છે. શિવાનીની બહેનપણીનું એક અંગ ખરાબ થવાથી તેનું મૃત્યુ થયું હતું. તેથી શિવાની ખૂબ જ દુઃખી થઈ હતી. તેણીએ નક્કી કર્યું કે આવી લાચાર પરિસ્થિતિમાં સમાજના લોકોને ઉપયોગી થવા કંઈક સેવાકાર્ય કરવું જોઈએ. શિવાનીએ પોતાના મનની ઇચ્છા પિતાને દર્શાવી. શિવાનીએ કહ્યું કે મારા અને મારા ભાવિ પતિએ લગ્ન પ્રસંગે અંગદાનનો સંકલ્પ લેવો અને લગ્નમાં ઉપસ્થિત બંને પક્ષના મહેમાનો પણ સ્વેચ્છાએ આવો સંકલ્પ લેવા પ્રેરાય તેવું ગોઠવવું છે. પિતા આનંદકુમાર પણ સુધારવાદી હતા. તેમણે પોતાની પુત્રીની ઇચ્છા પૂર્ણ કરવાનો નિર્ધાર કર્યો. સોનીપત ખાતે યોજાયેલ આ અનોખા લગ્નસમારંભમાં પાણીગ્રહણ કરતી વખતે વરવધૂએ પોતાના અંગદાનનો સંકલ્પ કરી શુકન કરાવ્યા. તેમના આ સંકલ્પથી ઉપસ્થિત સૌ કોઈ પ્રભાવિત થયા તથા તેમના સેવાકાર્યની સંકલ્પનાને સાકાર કરવા અંગદાન તથા શરીરદાનની જાહેરાત કરી. આ લગ્નમાં ૪૪ લોકોએ અંગદાન તથા ૫૦ લોકોએ શરીરદાનની ઘોષણા કરી અને સંમતિપત્રોમાં સ્વેચ્છાએ સહી કરી. લગ્નમાં વર-વધુને આર્શિવાદ આપ્યા હતા. અ પ્રસંગે કન્યા તરફથી જાનૈયાઓ તથા દાન કરનાર સર્વેને ઔષધીય છોડ તથા આ ઘટનાને અનુરૂપ કૉફી મગ ભેટ આપ્યા હતા. આ મગ પર અંગદાન તથા શરીરદાનની અપીલ કરતાં સૂત્રો લખ્યા હતા. વરરાજા શ્રી અશ્વિનીએ પણ શિવાનીની આ ઝૂંબેશને આગળ ધપાવવાની સહમતિ આપી હતી.

## રાજ્યના સૌથી મોટા શૈક્ષણિક સંગઠન વિદ્યાભારતીએ ગુજરાતના ફી નિયમન કાયદાનો અમલ કર્યો

દેશનું શૈક્ષણિક સંગઠન વિદ્યાભારતી શિક્ષણક્ષેત્રમાં ભારતીય શિક્ષણ પ્રણાલી તથા પરંપરાઓના પ્રચાર-પ્રસાર માટે સેવાકાર્યરત છે. ગુજરાત રાજ્યમાં પણ આ સંગઠન હેઠળ ૧૬૦ પ્રાથમિક શાળાઓ તથા ૯૦ માધ્યમિક-ઉચ્ચતર શાળાઓ ચાલે છે. આ સંગઠને ફી નિયમન કાયદાનો અમલ કર્યો છે. આ સંગઠન રાજ્ય સરકાર સાથે સતત સહયોગમાં છે. અનુશાસન અને શિસ્તના સંદર્ભમાં આ સંગઠનની શાળાઓ અગ્રેસર છે. વિદ્યાભારતની તમામ શાળાઓએ એફિડેવિટ-દરખાસ્ત કરીને કાયદા મુજબની ફી મર્યાદા ૧૫થી ૨૭ હજાર રૂપિયા નિર્ધારિત કરી છે. શિક્ષણમાં થતા ખાનગીકરણને લીધે રાજ્યની શાળાઓએ આડેધડ વાલીઓ પર આર્થિક ભારણ આવે તેવી ફી ઉઘરાવવાનું શરૂ કર્યું હતું. આ કારણે વાલીમંડળ તથા નિષ્ઠાવાન શૈક્ષણિક સંસ્થાઓના સૂચનથી ગુજરાત રાજ્યએ તેની તમામ ખાનગીશાળાઓમાં ફીનું ધોરણ નક્કી કરવા સમિતિ રચી હતી. આ સમિતિએ ફીનું ધોરણ ૧૫ હજાર પ્રાથમિક શાળા, ૨૫ હજાર માધ્યમિક તથા ૨૭ હજાર ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે નિર્ધારિત કરી હતી. પણ શાળા સંચાલકો મનફાવે તેમ ફી ઉઘરાવવા

કોર્ટમાં ગયા હતા. હાઈકોર્ટે સંચાલકોની અપીલ ફગાવી અગત્યનો નિર્ણય આપ્યો હતો. ગુજરાત સરકારે ફી નિયમન કાયદો ઘડ્યો હતો તેને હાઈકોર્ટે માન્ય રાખ્યો હતો.

## ભોપાલમાં આંતરરાષ્ટ્રીય હર્બલ મેળો યોજાયો

ભોપાલના લાલ પરેડ મેદાનમાં ૭ દિવસીય આંતરરાષ્ટ્રીય હર્બલ મેળો યોજાયો હતો. મેળાનો શુભારંભ કેન્દ્રીય પર્યાવરણ, વન તથા જલવાયુ પરિવર્તન મંત્રી ડૉ. હર્ષવર્ધને કરાવ્યો હતો. આ મેળામાં ભૂતાન, નેપાળ, મલેશિયા, શ્રીલંકા સહિતના વિશ્વના દેશોના પ્રતિનિધિઓ ઉપસ્થિત હતા. આ મેળામાં દેશના વિવિધ પ્રદેશોની દુર્લભ જડીબુટ્ટિયો તથા ઔષધિયોના ૩૦૦થી વધરો સ્ટૉલ હતા. આ મેળામાં ઓષધની કાર્યશાળાઓ તથા સારવારની શિબિરોએ સૌનું ધ્યાન દોર્યું હતું. આ મેળામાં ભોપાલની તથા મધ્યપ્રદેશની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ તથા સ્વયંસેવી સંસ્થાઓ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા હતા. વિવિધ પ્રકારના મ્યુઝિકલ બેન્ડ તથા પ્રાદેશિક સંગીતના કાર્યક્રમો થયા હતા. ગીત-સંગીતની સાથે ગઝલ ગાયિકીની સુંદર રજુઆત થઈ હતી. કઠપૂતળી તથા નાટ્ય-નુક્કડના કાર્યક્રમો પણ યોજાયા હતા.

## સંયુક્ત રાષ્ટ્રસંઘની સંસ્થા યૂનેસ્કોએ કુંભમેળાને માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાનો દરજ્જો આપ્યો

કુંભમેળાએ ભારતને પુનઃ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની ઓળખ આપી ભારતને ગૌરવવંતુ બનાવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની યૂનેસ્કોની વિશેષ સમિતિએ ભારતના યોગ અને નવરોજની જેમ કુંભમેળાને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉચ્ચ માન્યતા આપી છે. સમિતિએ તેના રીપોર્ટમાં જણાવ્યું છે કે કુંભમેળો ધરતી પર ઉજવાતા સંમેલનોમાં સૌથી ઉચ્ચ કક્ષાનું શાંતિપૂર્ણ ધાર્મિક સંમેલન છે. કુંભમેળામાં કોઈપણ પ્રકારના ભેદભાવ જોવા મળતા નથી. વિશ્વમાં અનેક સહેલાણીઓ તથા શ્રદ્ધાળુઓ કુંભમેળાના દર્શને આવે છે. ઉત્તરપ્રદેશના પ્રયાગ-અલ્હાબાદમાં ગંગા-યમુનાના સંગમ સ્થળે, ઉત્તરાખંડના હરિદ્વારમાં ગંગા કિનારે, ઉજ્જૈનમાં ક્ષિપ્રાનદીના કિનારે યોજાતા કુંભમેળાઓમાં લાખોની સંખ્યામાં ભક્તો એકઠા થાય છે. તેથી આ પ્રદેશોના યાત્રાધામો પર્યટનના આકર્ષણ કેન્દ્રો બને છે. શ્રદ્ધાળુઓ કુંભમેળામાં પવિત્ર નદીઓમાં ડૂબકી લગાવી મોક્ષની પ્રાપ્તિ કરે છે. અહીં ધાર્મિક અનુષ્ઠાન થાય છે. સાધુ-સન્યાસીઓ તથા અખાડાઓના સાધુઓ, નાગાબાવાઓની જમાત-સંઘ કુંભમેળામાં આકર્ષણનું કેન્દ્ર બને છે. એવી માન્યતા છે સમુદ્રમંથન વેળાએ નીકળેલ અમૃતકુંભમાંથી અહીં પવિત્ર અમૃત નદીઓમાં છલકાયું હતું તેથી અમૃતની પ્રાપ્તિ તથા માનસિક શાંતિ માટે અને નિરોગીકાયાની પ્રાપ્તિ, આધિભૌતિક, આધિવૈદિક તથા આધ્યાત્મિક સંતાપોની મુક્તિ, પાપોના નાશ માટે અને પુણ્યશાળી બનવા માટે - પવિત્ર થવા માટે કુંભમેળો માનવતાનું અમૂર્ત સાંસ્કૃતિક સ્નેહમિલન છે.

## વિશ્વ વેદ સંમેલનનો પ્રારંભ કરાવતાં ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડૂ

નવી દિલ્હી ખાતે ભારતના ઉપરાષ્ટ્રપતિએ વિશ્વ વેદ સંમેલનનો પ્રારંભ કરાવ્યો છે. તેમણે કહ્યું કે આપણી સભ્યતા, સંસ્કૃતિ તથા દર્શનના મૂળ વેદોમાં છે. વેદ જ્ઞાનનો સ્રોત છે. અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર તથા શિક્ષણશાસ્ત્ર તથા રાજનીતિના ક્ષેત્રોને આધુનિક બનાવવામાં તથા નૈતિક જીવનમૂલ્યોના સંરક્ષણ માટે એક માત્ર વેદ જ સક્ષમ છે. વેદમાંથી મળતા સત્ય, અહિંસા, ધીરજ, તપસ્યા તથા આધાત્મિકનું ઉત્થાન માનવ જીવનના આધારો છે. તેમણે ઋગ્વેદના ૫.૬૦.૫ મંત્રનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે સમાજમાં કોઈ ઉચ્ચ નથી કે કોઈ નીચું નથી બધા જ સમાન છે. શ્રી નાયડૂએ વેદના પ્રણેતા તથા પ્રચાર-પ્રસારના સ્તંભ એવા મહર્ષિ દયાનંદ સરસ્વતીના પ્રયત્નોને યાદ કરાવ્યા હતા. વેદને સુપ્રસિદ્ધ ચિંતક મેક્સમૂલરે પણ અનુમોદન આપ્યું હતું. સુપ્રસિદ્ધ દાર્શનિક તથા નોબલ પારિતોષક વિજેતા મૌરિસ માટરલિંકે કહ્યું હતું કે વેદ એ જ્ઞાનનો એકમાત્ર અને અતુલનીય સ્રોત છે.

## દેશભક્તિના આધાર પર સુદ્રઢ રાષ્ટ્રનું નિર્માણ શક્ય છે - રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ

ભારત વિકાસ પરિષદ દ્વારા નવી દિલ્હી ખાતે ૪૩મી અખીલ રાષ્ટ્રીય સમૂહગાન પ્રતિયોગિતા યોજાઈ હતી. તેમાં મુખ્ય મહેમાન તરીકે ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ ઉપસ્થિત હતા. આ પ્રતિયોગતા દેશભરમાં ઉજવાઈ હતી. જેમાં પાંચ લાખ વિદ્યાર્થીઓ

જોડાયા હતા. તેમાં વિજેતાઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ અહીં યોજાયો હતો. શ્રી કોવિંદે પ્રવચનમાં કહ્યું કે દેશભક્તિના આધારથી જ રાષ્ટ્રને સુદ્રઢ બનાવી શકાશે. ભારત વિકાસ પરિષદ એક એવું રાષ્ટ્રીય સંગઠન છે જે છેલ્લા ૫૦ વર્ષથી દેશના યુવાનોમાં દેશભક્તિની પ્રેરણા આપવા અનેક કાર્યક્રમો યોજે છે. જેમાંનો એક કાર્યક્રમ સમૂહગાનનો છે. આ કાર્યક્રમમાં દેશની વિભિન્ન ભાષાઓમાં રજૂ થતાં સમૂહગીતો રાષ્ટ્રને અખંડ બનાવે છે. સાથે સાથે દેશની ૫૦ હજાર વિદ્યાલયના પાંચ લાખ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભક્તિનો અનુભવ કરાવ્યો હતો. આ પ્રકારના ગીતોથી બાળકો તથા યુવાનોમાં ભારતના ગૌરવવંતા ઇતિહાસની ઝાંખી પણ થાય છે. આ પ્રતિયોગિતાના વિજેતાઓને ઈનામ વિતરણ કરતાં શ્રી કોવિંદજીએ અભિનંદન આપ્યા હતા. અભ્યાસની સાથે આવી પ્રવૃત્તિઓ યુવાનોમાં દેશપ્રેમ જગાડે છે તથા સમૂહભાવના અને રાષ્ટ્રના ભવ્ય વારસાને ઉજાગર કરે છે.

## જયપુરના ચિત્રકૂટ સ્ટેડિયમમાં સ્વર ગોવિંદમ્ સમારોહ યોજાયો

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સ્વર ગોવિંદમ્ સમારોહ યોજે છે. પ્રતિવર્ષની જેમ આ કાર્યક્રમ જયપુરના ચિત્રકૂટ સ્ટેડિયમમાં યોજાયો હતો. જેમાં ૧૨૦૦થી પણ વધુ સ્વયંસેવકોએ ઘોષ વાદન કર્યું હતું. આ કાર્યક્રમમાં સ્વયંસેવકોએ વાદ્યયંત્રોનો ઘોષ વગાડી-કેવળ મનોરંજન નહિ પણ રાષ્ટ્રભક્તિ તથા રાષ્ટ્રસેવાની પ્રતીતિ કરાવી હતી. આ સમારંભના મુખ્ય વક્તા તથા મહેમાન RSSના સરસંઘચાલક ડૉ. મોહનરાવ ભાગવત હતા. તેમણે જણાવ્યું કે આ સમય દેશમાંથી સામાજિક વિષમતાને દૂર કરવાનો છે. જે દિવસે આપણે આમ કરીશું તે દિવસથી આપણને સ્વતંત્રતા તથા સમતા પ્રાપ્ત થશે. પણ આ માટે સામાજિક બંધુતા મહત્વની છે. સંઘ હંમેશા સ્વર ગોવિંદમ્ જેવા કાર્યક્રમો યોજીને મન-બુદ્ધિના વિકાસને પ્રેરણા આપે છે. સ્વયંસેવકો જ્યારે યંત્ર શીખે છે ત્યારે તેમનામાં રાષ્ટ્રસેવાનો ભાવ પ્રગટ થાય છે. ઘોષ-સંગીત આપણને રાષ્ટ્રચેતના માટે પ્રેરણા આપે છે. કાર્યક્રમમાં ડૉ. ભાગવતે વધુમાં જણાવ્યું કે આપણું રાષ્ટ્ર હિન્દુ રાષ્ટ્ર છે. છતાં હિન્દુઓએ વિશ્વની વિવિધતા, જુદી જુદી ભાષાઓ, પૂજાપદ્ધતિઓ, પ્રાર્થનાઓ, જાતિઓ અને પ્રાદેશિકતાઓને સ્વીકારી છે. તેમનો આદર કર્યો છે. વિશ્વશાંતિ તથા વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાનો વિશ્વમાં પ્રચાર-પ્રસાર માટે આપણું હિન્દુ રાષ્ટ્ર અગ્રેસર રહ્યું છે. આ કાર્યક્રમમાં ૬ વીરાંગનાઓનું પણ બહુમાન થયું હતું. કાર્યક્રમની વ્યવસ્થા ૪૦૦થી પણ વધુ સ્વંયસેવકોએ સંભાળી હતી. ત્રણ પ્રવેશદ્વારોને વિવિધ ઝાંખીઓથી સુશોભિત કરી હતી. ૩૫ હજારથી પણ વધુ નાગરિકોએ આ મનોહર કાર્યક્રમને નિહાળ્યો હતો. આ કાર્યક્રમમાં રેવાસા પીઠના સંત સર્વશ્રી રાઘવાચાર્ય, નાથ સંપ્રદાયના રમણનાથ, હરપાડા નાથ સંપ્રદાયના ભાવનાથ ઉપસ્થિત રહી આર્શિવાદ આપ્યા હતા.

## ઝનૂન અને ઇચ્છાશક્તિ હોય તો કોઈ લક્ષ્ય દૂર નથી. રાજસ્થાનની ત્રણ બહેનોએ આરએએસમાં સફળતા મેળવી, આઈએએસનું લક્ષ્ય સાધ્યું છે

રાજસ્થાનના પાટનગર જયપુરના બાસ નામના ગામની આ વાત છે. આ ગામમાં ગોપાલ પુનિયા અને મીરાંદેવી  ખેતીકામ પર પરિવારનું ગુજરાત ચલાવતા હતા. તેમને રામસિંહ નામનો દિકરો તથા ત્રણ બહેનો કમલા, ગીતા તથા મમતા ચૌધરી એમ ચાર સંતાન હતા. પરિવારમાં ગોપાલભાઈનું અકાળે અવસાન થવાથી કુટંબનો ભાર માતા મીરાંદેવી ઉપર આવ્યો. તેમણે સખત પરિશ્રમ કરી સંતાનોને શિક્ષણ આપ્યું. રાજસ્થાનમાં દીકરીઓને ભણાવવી ખૂબ જ ટિકાત્મક તથા અઘરૂં કામ હતું. છતાં ત્રણે દીકરીઓએ ખૂબ જ મહેનત કરી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. રાજસ્થાનની એડમિનિસ્ટ્રેશન સર્વિસિઝ (RAS)માં આ ત્રણે દીકરીઓએ ૩૨મા, ૬૪માં અને ૧૨૮માં ક્રમે પાસ કરી છે. આ કાર્યમાં તેમના ભાઈએ પણ બહેનોને ભણાવવામાં ખૂબ જ પરિશ્રમ કર્યો છે. જે ગામમાં દીકરીઓની વિધવા માતાને ગ્રામજનો મહેણાંટોણાં મારતા હતા તેઓ ત્રણે બહેનોની સિદ્ધિઓને જોઈ દંગ રહી ગયા છે, અને તેમને અભિનંદન આપવા ભીડ જમાવી રહ્યા છે. હાલમાં આ ત્રણે બહેનોને નોકરીઓ તો મળી છે. પણ તેમની ઇચ્છા આઈએએસ થવાની છે તેથી આ ત્રણે બહેનો હાલમાં દિલ્હીમાં રહીને આ પરીક્ષાની તૈયારીઓ કરી રહી છે. આ ત્રણે બહેનોમાંથી પ્રેરણા લઈ રાજસ્થાનની બેહનો પણ પણ 'બેટી બચાવો બેટી પઢાઓ'ના અભિયાનમાં જોડાઈ છે. ઝનૂન અને ઇચ્છા શક્તિ હોય તો લક્ષ્ય સિદ્ધિ હાથવેંતમાં હોય છે તેવું આ ત્રણે બહેનોએ પૂરવાર કર્યું છે.

* * *